## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**શાકભાજી તો તું ભુલી જ જા... માણસો નેય નથી પોસાતુ....**

# સાબરમતીમાં નવા નીરની આવક



ચિલોડા,તા.૧૦
રાજયમાં વરસી રહેલા ભારે વરસાદ થી નદી નાળા છલકાઈ રહ્યા છે ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદ થી આજે સાદરા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં પણ નવા નીર ની આવક શરૂ થતાં તેને જોવા માટે લોકો ઉમટી પડ્યા હતાં. આજે સવારે નદી માં ધસમસતા પાણી નો પ્રવાહ શરૂ થયો હતો તેથી સાદરા અલુવા વચ્ચે બની રહેલા પુલ નો પ્રોટેકશન પાળો તુટી ગયો હતો અને પુલ ના કામ ને અટકાવી દેવામાં આવ્યું હતું પાણી નો પ્રવાહ આગળ વધતા સાદરા થી અલુવા જવાનો કાચો રસ્તો પણ નદી ના પાણીમાં ગરકાવ થઈ જતાં હાલ સાદરા થી અલુવા વચ્ચે નો સપર્ક બંધ થઈ ગયો છે નદી માં થી રેતી મોટા પ્રમાણે ભરી ને મોટા ખાડા ઓ પડી ગયા હોવાથી લોકો ને નદી માં અવર જવર નહીં કરવા માટે સાદરા તથા અલુવા ના સરપંચ દ્વારા અપીલ કરવામાં આવી છે

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે પણ વરસાદી પાણી ભરાઈ રહેતાં વિવિધ સ્થાનોએ ભુવા પડી ગયા હતા અને વાહનચાલકો ફસાયા હતા.

● ગ્રામીણ વિસ્તારોમાં પણ કાદવ-કીચડની સ્થિતિ ઉભી થતાં ગ્રામીણજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના દહેગામમાંથી પસાર થતી મેશ્વો નદી બે કાંઠે વહેતી થઈ.

● જિલ્લાની કચેરીઓ બે દિવસની રજા બાદ આજે કાર્યરત થતાં મુલાકાતીઓ વધ્યા હતા.

● જિલ્લા પંચાયતમાં આજે સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો દેખાયા હતા.

● દહેગામના પ્રોહિબિશનના ગુનાનો આરોપી સુરતથી ઝડપાયો.

● શહેર-જિલ્લામાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતાં વાહનવ્યવહાર આજે ધીમો રહ્યો હતો.

● ભારત માલા પ્રોજેક્ટને લઈ પોલીસ ફરિયાદ નોંધાવા જિલ્લા પોલીસવડાને આવેદન પત્ર આપવામાં આવ્યું.

● પેથાપુર પોલીસે પુન્દ્રાસણ ગામના ખેતરમાં જુગાર રમતા ૩ ને દબોચી લીધા છે.

● ગાંધીનગરમાં અસામાજિક તત્વોએ વેપારીને ભોજનાલય બંધ કરવાનુ કહી માર માર્યો.

● સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ ગિફટીસીટીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

● ઉત્ક્રાંતિ ફાઉન્ડેશન દ્વારા શ્રમજીવી વસાહતમાં વસવાટ કરતા જરૂરિયાતમંદ બાળકોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર શહેર જિલ્લામાં ભારે વરસાદ પછી પણ બપોર બાદ ઉકળાટ અને બફારો વધતાં લોકો ત્રાસી ગયા હતા.

● ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક મેઘ મ્હેરથી તળાવોમાં નવા નીરની આવક થવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં બનાવવામાં આવેલ અન્ડરપાસમાં પાણી ભરાયા પછી ધીમી ગતિએ નિકાલ બાદ આજે પણ અન્ડરપાસની કામગીરી લોકજીભે ચર્ચામાં રહી હતી.

● મહેસુલ વિભાગમાં નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતીના મુદ્દે કવાયત હાથ ધરવામાં આવી છે. જિલ્લાઓમાં આ સંવર્ગમાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી પડી છે.

# આરાધના વિદ્યાવિહાર ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા અને કેશગૂંફન સ્પર્ધા

ગાંધીનગર, તા. ૧૦
ભારતીય સંસ્કૃતિમાં ચાતુર્માસનું વિશિષ્ટ મહત્વ રહેલું છે જેમાં દીકરીઓ દ્વારા ગૌરીવ્રત, જયા-પાર્વતીવ્રત જેવા વિવિધ વ્રત-પૂજા-ઉપવાસની ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે.

તેના ભાગરૂપે શિક્ષણની સાથે વ્યાવસાયિક કૌશલ્ય મેળવે અને કલાશક્તિનો વિકાસ થાય તે હેતુથી અમારી શાળામાં તા. ૮-૭-૨૩ના રોજ મહેંદી સ્પર્ધા અને કેશગૂંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.




શુભ પ્રસંગે સ્ત્રીઓ માટે હાથમાં મહેંદી એ શુકનનું પ્રતિક મનાય છે.

જેમાં વિદ્યાર્થીનિઓએ હાથમાં બ્રાઈડલ, ફેન્સી, અરબી અને સાદી મહેંદીના વિવિધ ભાતચિત્ર ઉપસાવ્યા તથા કેશગૂંફનમાં બ્રાઈડલ હેર સ્ટાઈલ, પાર્ટી હેર સ્ટાઈલ, પોની હેર સ્ટાઈલ, સ્કૂલ ગર્લ હેર સ્ટાઈલ જેવાં વિવિધ પ્રકારના કેશગૂંફન કરી શણગાર કરવામાં આવ્યો. જેમાં માધ્યમિક વિભાગની ધો. ૯ અને ૧૦ ની ૪૦ વિદ્યાર્થીનિઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યું.

મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબરે મનસુરી સીમાખાતુન, દ્વિતીય નંબરે તેજોત રિધ્ધિબેન, તૃતીય નંબરે ઠાકોર આશાબેન વિજેતા થયા. જ્યારે કેશગૂંફન સ્પર્ધામાં પ્રથમ નંબરે ઠાકોર મેઘાબેન, દ્વિતીય નંબરે ઠાકોર સપનાબેન, તૃતીય નંબરે ઠાકોર રોશનીબેન વિજેતા થયા. શાળાના શિક્ષિકાબેન ફાલ્ગુનીબેન પટેલ, રમીલાબેન જાદવ અને જૈમીનીબેન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્પર્ધામાં ભાગ લેનાર તમામને તથા વિજેતા સ્પર્ધકોને ચેરમેન રમણભાઈ પટેલ તથા આચાર્ય વી.એસ. પટેલે ઈનામ આપી અભિનંદન પાઠવ્યા હતા.

**કુડાસણ સરદાર પેટ્રોલીયમ ખાતેનો બનાવ**

# પેટ્રોલની રીસીપ્ટ માંગતા યુવકને પંપના માલિક-કર્મચારીઓએ માર માર્યો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર કુડાસણ સરદાર ચોક સ્થિત સરદાર પેટ્રોલીયમ ખાતે ગ્રાહકે એકટીવામાં પેટ્રોલ ભરાવી રિસીપ્ટ માંગતા પેટ્રોલ પંપના માલિક તેમજ અન્ય કર્મચારીઓએ સાથે મળી ઈઝરાયેલના યુવકને લાફા મારી ગડદાપાટુનો માર મારી એકટીવાને પણ નુકશાન પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ મુળ ઈઝરાયેલના પુબ્લીક સ્ટ્રીટ, ખાન યુનીસ, પેલેસ્ટી નીઅન ઓથોરીટી અને હાલ ગાંધીનગર કોબા રાજલબ્ધી હેરીટેજ ખાતે રહીને એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજમાં રીસર્ચર ઈન કોમ્પુટર એન્જીનીયરીંગ તરીકે નોકરી કરે છે. ગત તા.૧૩ જુનના રોજ બપોરના ત્રણ વાગે એકટીવા લઈ સરદાર ચોક કુડાસણ પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પુરાવા ગયો હતો. જયાંથી અહેમદે દોઢસો રૂપીયાનું પેટ્રોલ પુરાવી ફીલર પાસે રીસીપ્ટ માંગી હતી. ફિલર રીસીપ્ટ આપ્યા વિના ત્યાંથી જતો રહી પંપના માલિક તેમજ અન્ય પાંચ ફિલરોને બોલાવી લાવ્યો હતો. જે પૈકીના એક શખ્સે નો રીસીપ્ટ નો રીસીપ્ટ યુ ગો કહી માથાકુટ કરતો હતો. જેથી ગભરાઈને અહેમદે પોલીસને મદદ માટે બોલાવવા ૧૦૦ નંબર ડાયલ કર્યો હતો. જેથી પેટ્રોલ પંપના કર્મચારીઓ પૈકી એક શખ્સે એકટીવા જમીન પર પછાડી દીધુ હતું.બાદમાં પાંચ જણા એકદમ ઉશ્કેરાઈ જઈ ગુજરાતીમાં અહેમદને કંઈક કહેવા લાગ્યો હતો.જો કે અહેમદ છેલ્લા સાત વર્ષથી ગુજરાતમાં આવી રહેતો હોવાથી થોડી ગુજરાતી ભાષા જાણતો હતો. જેથી પેટ્રોલ પંપના માલિક સહિતના સભ્યોને ગાળો બોલવાની ના પાડતો હતો. જો કે અહેમદ છેલ્લા સાત વર્ષથી હોવાથી થોડા ગણા ગુજરાતી શબ્દો જાણતો હોવાથી આ શખ્સો ગાળાગાળી કરી રહ્યા છે. જેથી યુવકે અંગ્રેજીમાં ગાળાગાળી કરવાની ના પાડતા પેટ્રોલ પંપના માલિક પ્રવિણ પટેલે લાફા માર્યા હતા. ત્યારે પેટ્રોલ પંપના કર્મચારીઓએ અહેમદ ને પાછળના ભાગેથી માથાના પાછળના ભાગે ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા.જેથી ડરીને અહેમદ નીકળી જવાનું કહ્યું હતુ. તે સમયે પાંચ શખ્સો ગડદાપાટુનો માર મારવાનું ચાલુ રાખ્યું હતું. એક વ્યકિતએ કહેલ કે વી કીલ યુ વી કીલ કહેવા લાગ્યો હતો. ત્યારબાદ અહેમદ એકટીવા લઈને ત્યાંથી જતો રહ્યો હતો અને સીધો પોલીસ મથકે પહોંચ્યા હતા. જયાં પંપના માલિક સાથે વચગાળાનું સમાધાન થયુ હતું. તે વખતે પ્રવિણ પટેલે સારવારના રૂ.૧૫ હજાર આપ્યા હતા. અહેમદ એપોલો હોસ્પિટલ સારવાર કરાવવા ગયો હતો.ત્યારે ફરજ પરના ડોકટરે સીટીસ્કેન કરાવવાની સલાહ આપી ૨૦ હજારનો ખર્ચ થશે તેમ કહ્યું હતું. આથી અહેમદે બીજી હોસ્પિટલમાં સીટી સ્કેન કરાવ્યું હતું. જયારે એકટીવા રીપેર કરાવવાનો ખર્ચ પણ રૂ.૬૪૯૦ થયો હતો. જે અંગે પેટ્રોલ પંપના માલિક પ્રવિણ પટેલ અને અહેમદ વચ્ચે સમાધાનની વાતો ચાલતી હતી. પરંતુ તેનુ કોઈ નિરાકરણ નહી આવતા અહેમદે અંગ્રેજીમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વીએચપીના સહમંત્રીના ઘરે જઈ પૂર્વ બજરંગદળના પ્રમુખે હોબાળો મચાવ્યો

**તારા લીધે મને બજરંગદળના પ્રમુખ પદેથી બદલી નાંખ્યો છે, તેમ કહી લોખંડની પાઈપ મારી બારીના કાચ તોડી નાંખ્યા, જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ**

ગાંધીનગર, તા.૧૦
શહેરના સેકટર-૩ સી ખાતે રહેતા વિશ્વ હીન્દુ પરિષદના સહમંત્રીના ઘરે જઈ તારા લીધે મને બજરંગ દળના પ્રમુખ પદેથી બદલી નાખ્યો છે. તેમ કહી લોખંડની પાઈપ વડે ઘરના કાચ તોડી હોબાળો મચાવનાર બજરંગ દળના પૂર્વ પ્રમુખ અને તેના ભાઈ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

શહેરના સેકટર-૩ સી પ્લોટ નં. ૪૩૧-૨ ખાતે રહેતા રાજવીબા ગણપતસિંહ વાઘેલાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેના પિતા ગણપતસિંહ વિશ્વ હિન્દુ પરિષદમાં ગાંધીનગર જિલ્લા સહમંત્રી તરીકે સમાજ સેવા કરે છે.જયારે રાજવીબા પણ ગાંધીનગર નગરદુર્ગા વાહીનીમાં પ્રમુખ તરીકે સેવા આપે છે. ગત તા.૯ મી જુલાઈના રોજ સવારના દસ વાગ્યાના અરસામાં સેકટર-૭ ભારત માતા મંદિર ખાતે બજરંગ દળની બેઠક હતી. આ બેઠકમાં વીએચપીના પ્રાંત અધિકારીઓના નિર્ણય થી રાજવીબાના માસા મોટાભાઈ હિતેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલા (રહે. સે-૪-એ ઓમકારેશ્વર મંદિરસની સામે ) ને બજરંગદળના પ્રમુખ પદેથી હટાવી બીજી કામગીરી સોંપવાનો પ્રાંત સંગઠન દ્વારા નિર્ણય લેવાયો હતો. જે હકીકત ઘરે જઈને તેની માતાને જણાવી હતી. ત્યારે રાતના અગીયાર વાગ્યાના અરસામાં હિતેન્દ્રસિંહ વાઘેલાએ તેણીના પિતાના ફોન કરીને કહ્યું કે તારા લીધે મને પ્રમુખ પદે થી બદલી નાંખ્યો છે. મારે તને મળવુ છે.

જેથી ગણપતસિંહે રાત્રી દરમિયાન મળવાનુ ના પાડતા તે વારંવાર ફોન કરતા હતા. ત્યારબાદ હિતેન્દ્રસિંહ અને સુરેન્દ્રસિંહ તેમના ઘરે ગયા હતા. તેમના હાથમાં લોખંડની પાઈપ હતી અને જોર જોરથી ગાળાગાળી કરી રહ્યા હતા. જયારે બુમો પાડી ગણપતસિંહને બહાર આવવા માટે કહેતા હતા.

ગણપતસિંહ બહાર ન આવતા ઘરના આગળનો કાચ અને પાછળના ભાગે રસોડાની બારીનો કાચ લોખંડની પાઈપ મારી તોડી નાંખ્યો હતો. તું બહાર આવ આજે તો તને જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી નાસી ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સેકટર-૧૪ માં વરસાદી વાતાવરણની આડમાં ઘરફોડ ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે સેકટર-૧૪ શિવશકિત સોસાયટી ખાતે પરોઢીયે બે ચોર શખ્સોએ જાળીનું અને દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ મકાન માલિક જાગી જતા તેઓને ડીસમીસ અને ધારદાર હથીયાર બતાવી બે શખ્સો ટુ-વ્હીલર લઈને અંધકારમાં અદ્રશ્ય થઈ ગયા હતા. ત્યારે ઘરફોડ ચોરીના નિષ્ફળ પ્રયાસ અંગે ઘર માલિકે પોલીસ મથકે અરજી આપી છે.

મળતી વિગત મુજબ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદી વાતાવરણ જામ્યું છે. ત્યારે ગત રાત્રીએ પણ વરસાદે રમઝટ બોલાવી હતી. વહેલી સવારે વરસાદી વાતાવરણ અને વિજળીના કડાકા ભડાકા વચ્ચે સેકટર-૧૪ માં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો છે. સેકટર-૧૪ શિવશકિત સોયાયટી ખાતે સચિવાલયમાં ફરજ બજાવતા સેકશન ઓફિસર પરિવાર સાથે રહે છે. ત્યારે આજે વહેલી સવારે વરસતા વરસાદમાં તેઓને બહારની બાજુથી કંઈક વિચિત્ર અવાજ આવતા હતા. જેથી તેઓએ લાઈટ ચાલુ કરીને જોયુ તો જાળી અને દરવાજાનું તાળુ તુટેલુ હતું.જયારે રેઈન કોટ પહેરેલા બે શખ્સો ઘરમાં ઘુસી ગયા હતા. તેઓ કંઈ સમજે કે વિચારે તે પહેલા ચોર શખ્સો ડીસમીસ અને ધારદાર હથીયાર બતાવી તાત્કાલીક ઘરમાંથી નીકળી ટું વ્હીલર લઈને રવાના થઈ ગયા હતા. જો કે સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી તેઓના વાહનનો નંબર જાણી શકાયો ન હતો. પરંતુ ચોરીના નિષ્ફળ પ્રસાય બાદ વસાહતીઓ જાગી જતા એકઠા થઈ ગયા હતા. સ્થાનિક નાગરીકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા કેટલાક દિવસથી આ શખ્સો રેકી કરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે.જયારે સોસાયટીના આસપાસના મકાનમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવે તો વધુ વિગતો મળી શકે તેમ છે.જયારે બનાવ અંગે સેકશન ઓફીસરે પોલીસ મથકે અરજી કરી સેકટર-૧૪ માં પોલીસ પેટ્રોલીંગ વધારવા માટે રજુઆત કરી છે.

# સરસ્વતી વિદ્યાલયમાં ડ્રાફ્ટ-ડ્રોઈંગની પ્રવૃત્તિ યોજાઈ



સે. ૬ માં સરસ્વતી વિદ્યાલયમાં પ્લે ગ્રુપ અને કે.જી.ના બાળકોને વોટર કલરની મદદથી ચાર્ટ પેપરથી અલગ અલગ પ્રકારની એક્ટિવિટી કરાવવામાં આવી હતી. જેમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. જેમાં બાળકોએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વોટર કલરથી વિવિધ છાપ જેમાં કાંટા-ચમચી, બટાટા, ભીંડા, ઈયર સ્ટિક, પેપર કપ વગેરે વસ્તુઓની મદદથી ભણતરની સાથે સાથે ડ્રાફ્ટ એક્ટિવીટી કરાવી હતી. જેમાં બાળકોએ ખૂબ આનંદ લીધો હતો. કાંટા ચમચી અને પેપર કપથી ફૂલોના આકાર આપ્યા અને બટાટાની છાપથી પક્ષીનો આકાર આપ્યો હતો.




અખિલ હિન્દ ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ જીવનસાથી પરિચય મેળો યોજાયો હતો. જેમાં ગુજરાત તથા રાજસ્થાન મહારાષ્ટ્રમાંથી ઉમેદવારોએ ઓનલાઈન રજીસ્ટર કરાવેલુ. તેમાં તેમણે ભાગ લીધો હતો.

# શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના ઘડતર માટે વાલીઓ સાથે વાર્તાલાપ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૮-૭-૨૦૨૩ને શનિવારના રોજ સંસ્થાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલની ઉપસ્થિતિમાં ધોરણ ૩ થી ૮ નાં વિદ્યાર્થીઓનાં વાલીમિત્રોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શાળાનાં શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલી સંમેલનમાં મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી અને બાળકનાં વિકાસ અંગે ચર્ચા કરી હતી. વાર્તાલાપમાં વિદ્યાર્થીઓનાં વાંચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકમિત્રો અને વાલીમિત્રો સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. શાળાનાં વિષય નિષ્ણાંત શિક્ષકોએ તમામ વિષયમાં કેવી તૈયારી કરવી અને વિષયોનાં મહત્વ વિશે અને પરીક્ષાલક્ષી તથા શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે અભિપ્રાય રજૂ કર્યો હતો.

# ખેતરમાં પ્રવેશી પિલ્લર રોપી ખેતીને નુકશાન કરનાર તત્વો સામે ફરીયાદ નોંધવા રજુઆત

ગાંધીનગર, તા.૧૦
ભારતમાલા પ્રોજેકટને લઈ છેલ્લા કેટલાક સમયથી કકળાટ ચાલી રહ્યો છે. ખોટા રીપોર્ટ બનાવી ખેડુતોની મહામુલી જમીન પચાવી પાડવાનો પ્લાન ઘડનાર કથિત અધિકારીઓ સામે ખેડુતોએ લડતનો મોરચો માંડ્યો છે. ખેડુતોએ આ મુદે હાઈકોર્ટના દ્વાર પણ ખખડાવ્યા છે. જયારે બીજીબાજુ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને પણ અનઅધિકૃત રીતે જમીનમાં પ્રવેશ કરીને પિલ્લર રોપી ખેતીના પાકને નુકશાન કરનાર શખ્સો સામે ફરીયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરાઈ છે. મળતી વિગત મુજબ ભારતમાલા પ્રોજેકટની ગુંચ હજુ સુધી ઉકેલાઈ નથી. ત્યારે આ વિવાદ છેક હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. ખેડુતોની મહામુલી જમીન પચાવી પાડવા માટે ખોટા રીપોર્ટ તૈયાર કરનારાઓ તેમજ જમીનમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને તેમા પિલ્લર રોપનાર વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે હવે થરાદ-અમદાવાદ એકસપ્રેસ વે અસરગ્રસ્ત ખેડુત સમિતિ દ્વારા તજવીજ હાથ ધરાઈ છે. સોમવારે સમિતિ દ્વારા ન્યાયિક પ્રક્રિયા હાથ ધરવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજુઆત કરાઈ છે.એનએચએઆઈ દ્વારા કામગીરીની શરુઆત કરવામાં આવતા ખેડુતોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે ગેરકાયદેસર ખેતરમાં પ્રવેશીને લહેરાતા પાક વચ્ચે પિલ્લર મારી ખેતીને પાકને નુકશાન કરતા એનએચએઆઈના અધિકારી કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી છે.

# ધણપ-ચિલોડા ગામ બેટમાં ફેરવાયું

ચિલોડા,તા.૧૦
ગાંધીનગર તાલુકાના ધણાપ ગામમાં ગત રાત્રે ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે પાણીનો આવરો ગામોમાં થતા આજે સવારે પાણી ઘૂસી જતા ગામ બેટમાં ફેરવાયું હતું ગામના ચારેકોર તરફથી આવતા તમામ મુખ્ય રસ્તાઓ નો વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો . ગામમાં હાલીસા તરફથી ચાલ્યા તરફથી તેમજ ગીવળ તરફથી આવતા રસ્તા બંધ થઈ ગયા હતા. ગામની શાળા પાસે પાણી ભરાતા બાળકો શાળાએ જવાનું ટાળ્યું હતું નદી નાળા અને ખેતરો પાણીથીછલોછલ થઈ જતા આજે તળાવ ગામમાં બેટમાં ફેરવાઈ ગયું હોય એવા ચારેકોર જળબંબાકાર ના દ્રશ્યો જોવા મળ્યા હતા.. આ



ઉપરાંત ઝડપથી નજીકના અંતરે આવેલા હાલીસા ગામોમાં સાકરી વિસ્તારમાં મંદિર પાસે પાણી ભરાઈ જતા આ વિસ્તાર આખો જોવા મળ્યો હતો. આ ઉપરાંત ચિલોડામાં પણ આજે સવારે ઉપરવાસમાંથી પાણીનો આવરો થતાં નદી વહેતી જોવા મળી હતી ગામનું તળાવ ઓવરફલોર તથા ગામના મુખ્ય પ્રવેશ દ્વારા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા ગ્રામ પંચાયત દ્વારા જેસીબી મશીન વડે રસ્તા નજીક ખોદગામ કરીને પાણીનો નિકાલ કરવા માટેની તજીજ હાથ ધરવામાં આવી હતી